# Official Spokesperson’s response to media queries regarding listing of Lashkar-e-Tayyiba terrorist Abdul Rehman Makki by UNSC’s ISIL and Al-Qaida Sanctions Committee

January 17, 2023

# સત્તાવાર પ્રવક્તા દ્વારા UNSC ની ISIL અને અલ-કાયદા પ્રતિબંધ સમિતિ દ્વારા લશ્કર-એ-તૈયબાના આતંકવાદી અબ્દુલ રહેમાન મક્કીને સૂચિબદ્ધ કરવા બાબત મીડિયાનાં પ્રશ્નોના જવાબ

17 જાન્યુઆરી, 2023

સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ UNSC ની ISIL અને અલ-કાયદા પ્રતિબંધ સમિતિ દ્વારા લશ્કર-એ-તૈયબાના આતંકવાદી અબ્દુલ રહેમાન મક્કીને સૂચિબદ્ધ કરવા અંગેના મીડિયા પ્રશ્નોના જવાબમાં કહ્યું:

"અમે લશ્કર-એ-તૈયબા (LeT) આતંકવાદી અબ્દુલ રહેમાન મક્કીને સૂચિબદ્ધ કરવાના સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ISIL અને અલ-કાયદા પ્રતિબંધ સમિતિના નિર્ણયને આવકારીએ છીએ, જે LeT નેતા હાફિઝ સઈદના સાળા પણ છે. મક્કીએ LeT માં વિવિધ નેતૃત્વની ભૂમિકાઓ સંભાળી છે, જેમાં સંગઠન માટે ભંડોળ એકત્રીત કરવાનો સમાવેશ થાય છે.

પ્રદેશિક આતંકવાદી સંગઠનો તરફથી ઉચ્ચ સ્તરિય ધમકીઓ મળતી રહે છે, યુએનએસસી દ્વારા સૂચિઓ અને પ્રતિબંધો આવા જોખમોને કાબૂમાં લાવવા અને આ ક્ષેત્રમાં આતંકવાદી માળખાને તોડી પાડવા માટેનુ એક અસરકારક સાધન છે.

ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો અભિગમને અપનાવવા પ્રતિબદ્ધ છે અને આતંકવાદ વિરુદ્ધ, વિશ્વસનિય ચકાસણી કરી શકાય તેવી તથા ન બદલી શકાય તેવી કાર્યવાહી કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાય પર દબાણ કરવાનું ચાલુ રાખશે.

**નવી દિલ્હી**
**17 જાન્યુઆરી, 2023**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.